સંક્ષિપ્ત સમાચાર

ધી કડોદ હાઇસ્કૂલનું ગૌરવ

કેતન પટેલ

કડોદ: ધી કડોદ હાઈસ્કૂલ ખાતે SGFI સુરત ગ્રામ્ય જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા ઉત્સાહભેર યોજાઈ ગઈ હતી, જેમાં વિવિધ તાલુકાની U-14, U-17 અને U-19 વયજૂથની 54 ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કડોદ હાઈસ્કૂલે શ્રેષ્ઠ રમત પ્રદર્શિત કરી હતી. કડોદ હાઈસ્કૂલની U-19 બહેનોની ટીમ વિજેતા (ચેમ્પિયન) અને U-19 ભાઈઓની ટીમ રનર્સઅપ બની હતી. શાળાના 15 ખેલાડીની રાજ્ય કક્ષા માટે પસંદગી થઈ છે. આ સફળતા બદલ મંડળના પ્રમુખ કેતનભાઈ પટેલ અને આચાર્ય સુનીલભાઈ રાજપૂતે વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં. વ્યાયામ શિક્ષક જિતેન્દ્ર કરજણવાલા અને કોચ માનસી પટેલના માર્ગદર્શનથી આ સિદ્ધિ મળી છે.

પીપોદરાથી ગુમ પાંચ વર્ષની બાળકી મળી

હથોડા: પીપોદરા નવી શિયાલજ ખાતે રહેતા ભોલાભાઈ સલાટ બાઈક રિપેર કરાવવા નીકળ્યા ત્યારે તેમની પાંચ વર્ષની બાળકી પણ અજાણતાં પાછળ નીકળી ગઈ હતી. બાળકી ગુમ થતાં પરિવારે પાલોદ પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક વિસ્તારમાં તપાસ હાથ ધરી સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. અંતે બે કિલોમીટર દૂર બુધવારી હાટ બજારમાંથી બાળકી સહી-સલામત મળી આવતાં પોલીસે તેને પરિવારને સોંપતાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

ઈબ્રાહીમ કાનુ

તાપીમાં ત્રીજા વર્ગના મહેસૂલી કર્મચારી મંડળનું વણઉકેલ્યા પ્રશ્નો બાબતે કલેક્ટરને આવેદન

વ્યારા: રાજ્યભરમાં મહેસૂલી કર્મચારીઓની સેવા વિષયક વિસંગતતાઓ, બિનજરૂરી જિલ્લા ફેરબદલી અને તલાટીઓના જોબચાર્ટ જેવા પડતર પ્રશ્નો ઉકેલાયા ન હોવાથી નારાજગી વ્યાપી છે. મહેસૂલી કર્મચારી મહામંડળના આદેશથી તાપી જિલ્લા ત્રીજા વર્ગના કર્મચારી મંડળે તાપી કલેક્ટર દેવ ચૌધરીને લેખિત રજૂઆત કરી હતી. સરકાર દ્વારા વારંવારની રજૂઆતો છતાં ચોક્કસ નિરાકરણ ન આવતાં કર્મચારીઓએ સ્વાભિમાન સાથે નિયમાનુસાર જ કામગીરી કરવાનો નિર્ણય લીધો છે. હવેથી કર્મચારીઓ નિર્ધારિત સમય મુજબ કામ કરશે તેમજ ઓનલાઈન, રજાના દિવસોની અને અપ્રાસંગિક કામગીરીથી અળગા રહીને વિરોધ નોંધાવશે.

પલસાણાના વરેલીમાં જુગાર રમતા પાંચ ઝડપાયા, ૧.૪૩ લાખનો મુદ્દામાલ કબજે

પલસાણા: વરેલી ગામમાં આવેલા ક્રિષ્ણા પેલેસના બીજા માળે ગેલેરીમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે કડોદરા GIDC પોલીસની ટીમે રેડ કરી હતી. રેડ દરમિયાન પોલીસને સ્થળ પરથી પાંચ જેટલા શખ્સો ગંજીપાનાનો જુગાર રમતા રંગેહાથ મળી આવ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ શીવકુમાર ભોલા શા (રહે., ક્રિષ્ણા પેલેસ, વરેલી), વિશાલકુમાર નરેન્દ્રસીંગ રાજપુત (રહે., પાયલ પાર્ક, વરેલી), સંતોષ રામસેવક વર્મા (રહે., જલારામ નગર, ચલથાણ), ચંદન જગનારાયણ શા (રહે., રામ બહાદુરની બિલ્ડિંગ, વરેલી) અને શ્રીકાંત દોગોવીદ રાઉત (રહે., બાલાજી નગર, કડોદરા) તરીકે થઈ છે. પોલીસે ઘટનાસ્થળ પરથી દાવ પર લાગેલા અને અંગ જડતીના રોકડા રૂપિયા ૧૨,૦૦૦, રૂપિયા ૨૧,૦૦૦ની કિંમતના ૪ મોબાઈલ ફોન, રૂપિયા ૧,૧૦,૦૦૦ની કિંમતના ૨ મોપેડ વાહનો અને ગંજીપાના તથા ટુવાલ સહિત કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

નિઝર અને કુકરમુંડામાં સાપનું રેસ્ક્યુ

કુકરમુંડા: નિઝરના વેલ્દા ગામ અને કુકરમુંડાના બેજ ગામમાં રહેણાક વિસ્તારમાં સાપ દેખાતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બંને સ્થળે સાપ અંગેની જાણ થતાં નિઝરના સાપ રેસ્ક્યુઅર વિશાલ પાડવીને જાણ કરવામાં આવી હતી. વિશાલ પાડવીએ સ્થળ પર પહોંચી સાવચેતીપૂર્વક બંને સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. વેલ્દા ગામમાંથી નાગ (કોબ્રા) જ્યારે કુકરમુંડાના બેજ ગામમાંથી ધામણ સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

ભરૂચ જેલમાં ૧૬ કરોડનાં અદ્યતન વિકાસ કાર્યોનું લોકાર્પણ

ભરૂચ: ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લા જેલ ખાતે હાથ ધરાયેલા ૧૬ કરોડનાં અદ્યતન બાંધકામ અને વિકાસ પ્રકલ્પોનું નાણા, પોલીસ હાઉસિંગ, જેલ નશાબંધી અને આબકારી વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રી કમલેશભાઈએ દીપ પ્રાગટ્ય કરીને અને તકતીનું અનાવરણ કરીને તમામ નવનિર્મિત બાંધકામોને જેલ પ્રશાસન માટે ખુલ્લા મૂક્યા હતા. આ નવનિર્માણમાં જેલ પરિવાર અને કેદીઓના સુધારણાત્મક કલ્યાણને ધ્યાને રાખીને આધુનિક સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે. લોકાર્પણ બાદ મંત્રીએ નવનિર્મિત ફિમેલ બેરેક, હાઈકોર સેલ, બાળકો માટે આંગણવાડી, મેટ્રન ઓફિસ, કેન્ટીન, લાઇબ્રેરી અને ઇનડોર ગેમ્સ રૂમ, જનસેવા કેન્દ્ર, તેમજ એડમિનિસ્ટ્રેશન ઓફિસની પ્રત્યક્ષ મુલાકાત લઈને ઉપલબ્ધ સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત ફ્લેગ પોસ્ટ, સંત્રી બોક્ષ, ગાર્ડ રૂમ, કિચન-ડાઈનીંગ સુવિધા ધરાવતી એસ.આર.પી. બેરેક તેમજ જેલની સમગ્ર આઠ એકર જમીન ફરતે નવનિર્માણ પામેલી મજબૂત કમ્પાઉન્ડ વોલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગોદાવાડી પર જાણે નજર લાગી છે

ચાર વર્ષના ટૂંકા ગાળામાં ગામમાં અનેક ગમગીન ઘટના બની

સુરત : માંડવી તાલુકાના ગોદાવાદી ગામના ટેકરી ફળિયામાં 25 વર્ષીય યુવતી નિધિ પટેલની હત્યા કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, લૂંટના ઈરાદે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોવાની આશંકા છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તો તાજેતરમાં જ પૂરના કારણે ગામની આસપાસ તારાજીના દ્રશ્ય જોવા મળ્યા હતા. જ્યારે આશરે ત્રણેક વર્ષ પહેલા આ ગામમાં ત્રણ યુવાનોના એક સાથે અકસ્માતમાં મોત થતાં ગમગીની છવાઈ ગઈ હતી. આ જોતા જાણે ગોદાવાડી પર કોઈની નજર લાગી ગઈ હોય તેવું ફલિત થાય છે.

થોડા વર્ષ પહેલાં એકસાથે ત્રણ યુવાનનાં મોત થયાં હતાં

માંડવીના ગોદાવાડી ગામે ખુણા ફળિયામાં રહેતા વિપુલ પટેલ (ઉ.વ.30) ગામમાં જ રહેતા અજિત ઉક્કડ ચૌધરી (ઉ.વ.30) તથા કાર્તિક જસવંત પટેલ(ઉ.વ.25) સાથે સાયણ ખાતે આવેલ વની ટેક્સટાઈલ્સમાં હેલ્પર તરીકે નોકરી કરતા હોવાથી સવારે 8 કલાકે ગોદાવાડીથી વિપુલ પોતાની હિરો સ્પ્લેન્ડર બાઈક નં.(જીજે 05જી એફ 8434) લઈ મિત્રો સાથે નોકરી પર આવ્યો હતો. નોકરી પરથી છૂટ્યા બાદ ત્રણેય મિત્ર બાઈક લઈ ઘરે જઈ રહ્યા હતા તે સમયે આ ઘટના બની હતી. કામરેજના ધોરણપારડીની હદમાં ઘલા પાટિયાથી બૌધાન જતા રોડ પર સારથી પેટ્રોલ પંપની પાસે સામેથી આવતી મહિન્દ્રા બોલેરોના ચાલકે બાઈક પર સવાર ત્રણેય મિત્રને અડફેટે લેતાં વિપુલને માથા તેમજ હાથપગે ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

તાજેતરમાં જ ગામમાં નદીના પાણી ભરાયા હતા

એક મહિના અગાઉ જ ઉમરપાડામાં થયેલા ભારે વરસાદના કારણે અહીંથી પસાર થતી નદીમાં પૂર આવ્યું હતું. જેને કારણે પાણી આસપાસના વિસ્તારમાં ફરી વળ્યા હતા. હજુ આ સમયની તારાજીમાંથી ગોદાવાડી ગામ બેઠું થાય ત્યાં તો ગામની જ લાડકી દીકરીની હત્યા થઇ ગઇ છે.

તાપીમાં જેટકો સબ સ્ટેશનના વિરોધમાં આદિવાસીઓનાં ધરણાં

તાપી કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપી રજૂઆત

તાપી : તાપી જિલ્લાનાં વિવિધ ગામોમાંથી પસાર થનાર જેટકો સબ સ્ટેશન પ્રોજેક્ટનો સ્થાનિકોમાં વિરોધ ઊઠ્યો છે. આ જેટકો પ્રોજેક્ટ અંતર્ગત થનાર જમીન સંપાદનને રદ કરવાની માંગ સાથે ગતરોજ આદિવાસી પંચ દ્વારા કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આદિવાસી આગેવાનો અને અસરગ્રસ્ત ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભેગા મળી તાપી કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપી રજૂઆત કરી ન્યાયની માંગ કરી હતી. સબ સ્ટેશન માટે તંત્ર દ્વારા હાલ જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી છે. જમીન સંપાદનને કારણે સ્થાનિક આદિવાસીઓના હિતોને મોટું નુકસાન થઈ રહ્યું છે. જેને કારણે સ્થાનિકોની માંગને ધ્યાને લઈ તાત્કાલિક જમીન સંપાદન પ્રક્રિયા રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આદિવાસી આગેવાન ઊર્મિલા ગામીત, લાલસિંગ ગામીત, દિલીપભાઈ સહિતના આગેવાનોએ માંગણીઓનો વહેલી તકે યોગ્ય નિકાલ નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર જિલ્લામાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

બારડોલીમાં બોગસ દસ્તાવેજોના આધારે ટેન્ડર હાંસલ કરવાનું ષડયંત્ર!

નગરપાલિકામાં કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત સામે મહિલા કોર્પોરેટર સ્વાતિ પટેલનો આક્ષેપ

બારડોલી: બારડોલીનાં સરકીટ હાઉસ ખાતે મહિલા કોર્પોરેટર સ્વાતિબેન પટેલે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને નગરપાલિકામાં ચાલતા મોટા નાણાકીય કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સ્વાતિબેને પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે, બારડોલી નગરપાલિકાના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને એક કોન્ટ્રાક્ટરની મિલીભગતથી પ્રજાના ટેક્સનાં નાણાંની ઉચાપત કરવામાં આવી રહી છે. તેમણે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં કોન્ટ્રાક્ટર સહિત નગરપાલિકાના સાત જેટલા વર્તમાન અને પૂર્વ અધિકારીઓ પર ગુનાહિત કાવતરું રચવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો છે.

સ્વાતિ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બારડોલીમાં આશાપુરા માતાજીના મંદિરથી નવા ફળિયા ભિક્ષુકગૃહ સુધીના રસ્તા પર બોક્સ કન્વર્ટ બનાવવા માટે ટેન્ડર બહાર પડાયું હતું. આ ટેન્ડરમાં હસલત ઈન્ફ્રાસ્ટ્રક્ચર (બાબેન)ના પ્રોપરાઈટર મયૂરકુમાર પરમારે કામ મેળવવા માટે બોગસ અને ફોર્જ્ડ દસ્તાવેજો રજૂ કર્યા હતા. મયૂરકુમારે અગાઉ કરેલાં કામોના પુરાવા તરીકે જે ફોર્મ નંબર ૩ (A) એટલે કે કમ્પ્લિશન સર્ટિફિકેટ રજૂ કર્યાં હતાં, તે સંપૂર્ણપણે બનાવટી હતાં. સ્વાતિબેને માહિતી અધિકાર કાયદા હેઠળ તપાસ કરતાં સામે આવ્યું કે સુરત જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા મહુવા કચેરી દ્વારા આવા કોઈ પ્રમાણપત્રો ઈશ્યુ કરવામાં આવ્યાં જ નથી.

આ કૌભાંડમાં માત્ર કોન્ટ્રાક્ટર જ નહીં, પરંતુ બારડોલી નગરપાલિકાના ચીફ ઓફિસર, પૂર્વ પ્રમુખ ધર્મેશ પટેલ, પૂર્વ કારોબારી ચેરમેન જગદીશ પાટીલ, એન્જિનિયર પંકજ પટેલ અને મ્યુનિસિપલ એન્જિનિયર સુમિત ગામીત સહિતના જવાબદાર અધિકારીઓની પણ સીધી સંડોવણી હોવાનો દાવો કરાયો છે. આ અધિકારીઓએ દસ્તાવેજોની પૂરતી ખરાઈ કર્યા વિના જ વર્ક ઓર્ડર આપી દીધો હતો. કોર્પોરેટરે માંગ કરી છે કે આ તમામ લોકો વિરુદ્ધ ભારતીય નાગરિક સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ તાત્કાલિક ગુનો નોંધવામાં આવે. અંતમાં સ્વાતિબેને આરોપીઓની ઊંચી પહોંચ અને વગને કારણે પોતાના જાનમાલને નુકસાન થવાની ભીતિ પણ વ્યક્ત કરી છે. સરકીટ હાઉસ ખાતે થયેલા ધડાકાથી સ્થાનિક વહીવટી તંત્ર અને રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

વાલોડમાં એલ્યુમિનિયમ ફેક્ટરીના બાંધકામ સામે ગ્રામજનોનો વિરોધ

ગ્રામ પંચાયતે નોટિસ આપવા છતાં કંપનીના માલિક ઘોળીને પી ગયા

વાલોડ: વાલોડ સરકારી કોલેજની સામે નિર્માણ થઇ રહેલી એલ્યુમિનિયમ ફેક્ટરીથી આસપાસના વિસ્તારોમાં તેમજ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને મોટુ જોખમ હોય જે અંગે સ્થાનિકોએ વિરોધ કરતાં જ પંચાયત દ્વારા કામ બંધ કરવા નોટિસ આપી હતી. તેમ છતાં કંપનીના માલિક આ નોટિસને ઘોળીને પી ગયા હોય અને બેરોકટોક પૂરજોશમાં કામ ચાલુ રાખતાં સ્થાનિકોએ વ્યારા કલેક્ટરને આવેદનપત્ર આપી આ કામ બંધ કરવાની માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના નવા ફળિયા નજીક આવેલી સરકારી વિજ્ઞાન કોલેજની સામે બ્લોક નં.174/બ વાળી જમીન આવેલી છે. જે જમીનના માલિક દ્વારા એલ્યુમિનિયમ ફેક્ટરીનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જેને લઇ નવા ફળિયા, ડોડિયા ફળિયા સહિત આસપાસના વિસ્તારના લોકોએ વાલોડ ગ્રામ પંચાયતમાં અરજી આપી હતી. જેથી પંચાયતે આ કંપનીનું બાંધકામ અટકાવવા નોટિસ આપી હતી. તેમ છતાં કંપનીના માલિક દ્વારા પોતાની મનમાની ચલાવી પૂરજોમાં કામ ચાલુ રાખ્યું છે. જેથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોમવારે મોટી સંખ્યામાં લોકો કલેક્ટર કચેરી વ્યારા ખાતે પહોંચ્યા હતાં અને જ્યાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે, આ એલ્યુમિનિયમ ફેક્ટરીનું નિર્માણ બંધ કરવામાં ન આવશે તો આસપાસના વિસ્તારના લોકો તેમજ કોલેજમા આવતા વિદ્યાર્થીઓમાં દમ, શ્વાસ અને કેન્સર તેમજ ચામડીના રોગો ફેલાવાનો ભય છે. જેથી કલેક્ટર તાત્કાલિક અસરથી આ બાંધકામ અટકાવે એ જરૂરી છે. જો આ બાંધકામ નહીં અટકાવવામાં આવે તો સ્થાનિકોએ આંદોલન કરી ફેક્ટરી નજીક જ ધરણા ઉપર બેસવાની ચીમકી ઉચ્ચારી છે.

ઉકાઈ જીઈબી વિસ્તારની મોબાઈલની દુકાનમાં ચોરી

રૂ.૧.૭૯ લાખની મતાની ચોરી થતાં પોલીસ ફરિયાદ

સોનગઢ, વ્યારા: ઉકાઈ જીઈબી વિસ્તારમાં આવેલી મોબાઈલ શોપમાં તસ્કરોએ ત્રાટકી દુકાનનું પતરું તોડી રૂ.૪૦,૦૦૦ રોકડા અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૭૯,૦૨૨ની મતાની ચોરી કરી નાસી છૂટ્યા હોવાની ઘટના સામે આવી છે.

મૂળ વ્યારાના સારથી રેસિડેન્સીમાં રહેતા અને મોબાઈલની ફ્રેન્ચાઈઝી ચલાવતા વેપારી કૃણાલકુમાર પંચાલે ઉકાઈ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત ૨૨ ઓગસ્ટના રોજ ખાનવેલ ખાતે કોન્ફરન્સ મિટિંગમાં જવાના હોય, દુકાનના ગલ્લામાં વ્યવસાયિક કામ અર્થે રૂ.૪૦,૦૦૦ રોકડા મૂકી ગયા હતા.

દરમિયાન રાત્રિના નવેક વાગ્યાથી ૨૩ ઓગસ્ટે સવારના દસ વાગ્યાના સમયગાળા દરમિયાન તસ્કરોએ દુકાનની પાછળના ભાગેથી લોખંડનું પતરું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોરોએ ગલ્લામાં રહેલા રોકડા રૂપિયા તથા અંદાજે રૂ.૧,૩૯,૦૨૨ની કિંમતના કંપનીના બે મોંઘા મોબાઈલ ફોન ચોરી લીધા હતા અને શૌચાલયનો એક્ઝોસ્ટ ફેન પણ તોડી નાંખ્યો હતો. આ અંગે ઉકાઈ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

બે દિવસથી ગુમ તરસાડીના સંજય રબારીની લાશ મળી

હથોડા: તરસાડીની પટેલ પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષીય સંદીપ ઈશ્વરભાઈ રબારી ગત ૨૨ ઓગસ્ટે ઘરેથી અગમ્ય કારણોસર ગુમ થયો હતો. પરિવારે શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો નહોતો.

સોમવારે સંસ્કારદીપ સોસાયટી પાછળ આવેલા એક ખુલ્લા પ્લોટમાંથી સંદીપનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં કોસંબા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી પીએમ માટે મોકલી આપી છે. મોતનું સાચું કારણ હજુ અબંધિત છે. કોસંબા ટાઉનબીટના જમાદાર સુરેશભાઈ માનસિંગભાઈએ આ મામલેતપાસ હાથ ધરી છે.

ઉચ્છલ તાલુકામાં અનિયમિત બસ સુવિધાથી વિદ્યાર્થીઓને હાલાકી

સમયસર એસ.ટી. બસ ફાળવવા મામલતદારને આવેદન

વ્યારા: ઉચ્છલ તાલુકામાં સરકારી એસ.ટી બસની અનિયમિતતાની બૂમરાણ ઊઠી છે. તાલુકાના ગવાણ, ટોકરવા અને નારણપુર, બાબરઘાટ સહિતનાં ગામની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળા છૂટવાના સમયે એસ.ટી. બસ ન મળતી હોવાને કારણે વિધાર્થીઓને પોતાના ઘરે પહોંચવા હાલાકી વેઠવી પડે છે. આ મામલે સ્થાનિક અરજદાર ભૂપેન્દ્ર વસાવા દ્વારા ઉચ્છલ મામલતદારને લેખિતમાં રજૂઆત કરીને બસ સુવિધાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ ગવાણ ગામની માધ્યમિક શાળા, ટોકરવા-બાબરઘાટ ગામની ઉચ્ચતર માધ્યમિક શાળા, જામલીની મોડેલ સ્કૂલ તેમજ નારણપુરની જુગની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ તમામ શાળાઓનો સમય સાંજે ૪:૩૦ વાગ્યાનો છે, પરંતુ શાળા છૂટ્યા બાદ સમયસર એસ.ટી. બસ ન મળવાને કારણે વિદ્યાર્થીઓને અંદાજે સાંજે ૬:૩૦ વાગ્યા સુધી વાહનોની રાહ જોઈને મોડે સુધી રોકાવાની ફરજ પડે છે.

નિઝરનો સાયબર ફ્રોડનો આરોપી ઝડપાયો

કુકરમુંડા: નિઝર પોલીસે ઓનલાઈન સાયબર ફ્રોડના ગુનામાં નવી મુંબઈથી વિનય પરદેશી નામના આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીએ નેવાળા ગામના હિતીન પાડવીને સ્ટોક માર્કેટમાં રૂ.૧૦,૦૦૦ સામે રૂ.૫૦,૦૦૦થી ૧ લાખના નફાની લાલચ આપી રૂ.૧૭,૫૦૦ મેળવી છેતરપિંડી કરી હતી. પોલીસે ટેક્નિકલ એનાલિસિસના આધારે આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

NDPSના ગુનામાં વોન્ટેડ આરોપી તાતીથૈયાથી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે NDPSના ગુનામાં નાસતા-ફરતા આરોપી ૪૦ વર્ષીય પ્રભાત ઉર્ફે રામા જંગબહાદુર સિંગને પલસાણાના તાતીથૈયા ગામે મંગલમ મિલ પાસેથી પકડી પાડ્યો હતો. આરોપી પલસાણા તાલુકાના દસ્તાન ફાટક પાસે આવેલા શ્રી એવન્યુ કોમ્પલેક્ષના ફ્લેટ નંબર ૫૦૭ માં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. નોંધનીય છે કે, આ આરોપી વિરુદ્ધ પલસાણા પોલીસ સ્ટેશનમાં અગાઉ NDPS કલમ-૮(સી), ૨૦(બી), II (બી), ૨૯ મુજબ ગંભીર ગુનો નોંધાયેલો હતો અને તે આ ગુનામાં પોલીસ પકડથી બચવા નાસતો ફરતો હતો.

Chola Enter a better life

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ
કોર્પોરેટ ઓફિસ: "ચોલા ક્રેસ", C 54 અને 55, સુપર B - 4, વીરુ વી કા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600032.
શાખા ઓફિસ: ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ, ચુનિટ નં. 203, લોટસ આઇટી પાર્ક, રોડ નં. 16, વાગલે એસ્ટેટ, થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર-400604.

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002ની કલમ 13[2] હેઠળ માંગણી નોટિસ

આથી નીચે દર્શાવેલ લોન લેનાર/ગિરવે મૂકનારને જાણ કરવામાં આવે છે કે કંપનીએ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ તમારી સામે કાર્યવાહી શરૂ કરી છે અને કાયદાની કલમ 13 (2) હેઠળ રજિસ્ટર્ડ પોસ્ટ પહોંચ સાથે દ્વારા તમને મોકલવામાં આવેલી નોટિસ બજાવ્યા વિના પરત આવેલ છે. તેથી, તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર વ્યાજ સહિત સદર ખાતા સામે દર્શાવેલ બાકી લોનની રકમ ચૂકવવાની નોટિસ આપવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ રહેશો તો કંપની તેના વ્યાજ અને ખર્ચ સાથેની બાકી રકમ વસૂલવા માટે કાયદાની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળના તેના અધિકારનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ મિલકત જપ્ત કરવાની કાર્યવાહી કરશે. એ જણાવવાની જરૂર નથી કે આ નોટિસ કંપની પાસે ઉપલબ્ધ અન્ય કોઈ પણ કાનૂની ઉપાયોને બાધ પહોંચાડ્યા વિના તમને મોકલવામાં આવી છે.

અ. નં.	લોન ખાતા નંબર અને લોન લેનાર/ઓનું નામ અને સરનામું	લોનની રકમ (રૂ.)	માંગણી નોટિસની તારીખ અને બાકી રકમ
1.	લોન ખાતા નં.: HE01ROB00000047698 ૧. સતીશ પુનાભાઈ ચાંદપરા (અરજદાર), ૨. પુનાભાઈ વલ્લભભાઈ ચાંદપરા (સહ-અરજદાર), ૧ અને ૨ સરનામું: A4-314, ૩જો માળ, લોક ભારતી સીએચએસ લિમિટેડ, મરોલ મરોશી રોડ, મરોલ અંધેરી ઈસ્ટ-400059, મહારાષ્ટ્ર. ૩. લાભુબેન પુનાભાઈ ચાંદપરા (સહ-અરજદાર), ૧, ૨ અને ૩ સરનામું: C1-1301, સિલ્વર વક્રુલિયા, વીઆઈપી સર્કલ, ઉત્રાણ, સુરત-394105, ગુજરાત. ૪. ઉગમ ઇમ્પેક્સ તેમના પ્રોપ્રાઇટર સતીશ પુનાભાઈ ચાંદપરા મારફતે (સહ-અરજદાર), 74, ટેકનો પાર્ક, સ્પ્રિંગ બોર્ડ એમઆઈડીસી, કોસ રોડ, સીઝ, ગેટ નં. 2, અંધેરી ઈસ્ટ-400093, મહારાષ્ટ્ર. ૧ અને ૪ સરનામું: કુકાન નં. 45, ગ્રાઉન્ડ ફ્લોર, વરાછા રોડ, સુરત, ગુજરાત - 395006. તમામ ૧ થી ૪ સરનામું: ફ્લેટ નં. 703, ૬મો માળ, ઓલિવ એપાર્ટમેન્ટ સીએચએસએલ, ૪થો રોડ, પ્લોટ નં. 52, સીટીએસ નં. 253/જી બાંદ્રા, સાંતકુઝ ઈસ્ટ-400055, મુંબઈ, મહારાષ્ટ્ર.	Rs 2,05,00,000.00	10/08/2026 10/08/2026ના રોજ રૂ. 2,00,67,848.00 આગળના કરાર આધારિત વ્યાજના દર સાથે.

મિલકતની વિગત: મુંબઈ સબર્બન ડિસ્ટ્રિક્ટ, અંધેરી તાલુકાના બાંદ્રા ગામના સાંતકુઝ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. III‌ના મોટા પ્લોટ નં. 52 માંથી સબ પ્લોટ નં. 10 પર બનેલી, સીટીએસ નં. 253G, 253 G/1, 253 G/2 અને 253 G/3 પર આવેલી "ઓલિવ એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતી બિલ્ડિંગ અને "ઓલિવ એપાર્ટમેન્ટ CHSL" તરીકે ઓળખાતી સોસાયટીમાં, ૪થા રોડ, સાંતકુઝ ઈસ્ટ, મુંબઈ - 400055 ખાતે આવેલ, ૭મા માળે, આશરે 800 ચો.ફૂટ કાર્પેટ એરિયા ધરાવતો ફ્લેટ નં. 703નો તમામ પીચ અને પાર્સલ.

તારીખ: 25/08/2026
સ્થળ: મુંબઈ

અધિકૃત અધિકારી,
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

IDFC FIRST Bank

**સિક